# 1. આપણી કેટલીક કુટેવો

**ધનવંત દેસાઈ**

ડૉ. ધનવંત દેસાઈએ નીચે આપેલા પાઠમાં આપણી કેટલીક કુટેવો પ્રત્યે આપણું ધ્યાન ખેચ્યું છે. લાગે છે તો એ બધી નજીવી કુટેવો, પણ કેટલીક વાર એ નજીવી દેખાતી કુટેવોનું કેવું ભયંકર પરિણામ આવે છે ? ને આવી ટેવો ધરાવનારને સાંખી લેનાર આપણો સમાજ શિક્ષિત અને સંસ્કારી હોવાનો દાવો શી રીતે કરી શકે ? વ્યક્તિઓનો સમૂહ ને સમાજની જો દરેક વ્યકિત આવી જાતની કુટેવ, જે પોતાનામાં હોય તો દૂર કરે, તો આખોયે સમાજ થોડા જ વખતમાં આ વિષય પરત્વે તો સંસ્કારી બની જ જાય એમાં શંકા નથી.

---

દિવસે દિવસે આપણા દેશમાં શિક્ષણનો પ્રચાર વધતો જાય છે. શિક્ષણનો ફેલાવો વધતાં આપણી નાણાંકીય સ્થિતિ સુધરશે અને સાથે સાથે આપણું જીવન પણ સંસ્કારી બનશે એવી આશા રાખવામાં આવે છે અને એ અસ્થાને નથી. શિક્ષણને લીધે ધીમે ધીમે આપણે કેટલાક સામાજિક અને ધાર્મિક કુરિવાજો અને વહેમોની પકડમાંથી છૂટયાં છીએ. છતાં કેટલીક ટેવો આપણામાં એવી જડ ઘાલી બેઠી છે કે તે ખરાબ છે. એમ આપણે જાણીએ છીએ છતાં તેમાંથી છૂટવા જેટલાં મનોબળ અને કાર્યશક્તિ આપણે મેળવી શક્યાં નથી. કેટલીક ટેવો આમ તો નજીવી લાગે, પણ તે આપણાં શિક્ષણ અને સંસ્કારને લજવે એવી છે અને સમાજને તેથી પારવાર નુકસાન થાય છે.

કેટલાક માણસોને નાક સાફ કરી, તેઓ ઊભા હોય તો પાસેની ભીંત પર અને બેઠા હોય તો પાસેની જગ્યા પર લૂછવાની ટેવ હોય છે. ગમે તે જગ્યા એ લીંટ લૂછતી વખતે તે એક ખરાબ કાર્ય કરી રહ્યો છે. તેનું તેને ભાન જ નથી હોતું. કોઈ એને ટોકે તો, કાં તો તે શરમિંદો પડી જશે અથવા ટોકનારની સામે મોટા ડોળા કાઢશે. એને ખ્યાલ નથી રહેતો કે એ લીંટ ત્યાં ઊભા રહેનાર કે બેસનારના શરીરને કે કપડાંને લાગે તો તેને કેવું ગંદું લાગે ? અને બધાં જ આવું કરે તો જાહેર જગ્યાઓ કેવી ગંદી બની જાય !

વળી કેટલાકને ગમે ત્યાં થૂંકવાની ટેવ હોય છે. પાન ખાઈને રસ્તા પર, ભીંત પર, બેઠા હોય તો આસપાસની જગ્યા પર તેઓ પિચકારી મારે. એમ કરતાં પિચકારી જો કોઈના શરીર પર લાગી જાય તો ભારે થઈ જાય. ગાળાગાળી થાય અને મારામારી પણ થાય. થૂંક કે પિચકારીના રેલા પર માખીઓ બેસે અને પછી તે ઉઘાડા શરીર પર જઈ બેસે અને ઉઘાડા અનાજ પર જઈને બેસે. થૂંકનાર માણસને કંઈ રોગ હોય તો તેના જીવાણુ માખી બીજાં અનેક માણસોમાં ફેલાવે. પરિણામે ગામમાં રોગચાળો ફાટી નીકળે અને અનેકોના જાન જાય. થૂંકવાની એક નાની સરખી વાત સમાજ માટે કેટલી ભયંકર નીવડે છે !

કેટલાક માણસો રસ્તાની બાજુએ આવેલી દુકાનોમાંથી ફળ ખરીદે અને રસ્તામાં ચાલતા ચાલતા ખાય. ફળોનાં છોડાં રસ્તા પર જ નાખે. એના પર માખીઓ બેસે અને ગંદવાડ થાય. કેળાં જેવાં કેટલાંક ફળોની છાલ એવી હોય છે કે કોઈનો પણ તેના પર પગ પડે તો બિચારો ભોંયભેગો જ થઈ જાય. તેનાં કપડાં બગડે અને હાડકાંયે ભાંગે. નાખનાર તો વગર વિચાર્યે રસ્તા પર છાલ નાંખી દે, પણ તેનાથી કોઈને બાર માસનો ખાટલો આવે એનો એને ખ્યાલ નથી રહેતો. ફળોની છાલ ગમે તેમ રસ્તા પર નાખવી એ મોટો ગુનો ગણાવો જોઈએ અને એ અવિચારી કામ કરનારને સમાજના શત્રુ લેખી તેને શિક્ષા થવી જોઈએ. રસ્તા પર પડેલી આવી છાલો ઉપાડી સડકની બાજુ પર કે કચરાપેટીમાં નાખી દેવી એ પણ સામાજિક સેવા ગણાય.

કેટલાક માણસો ઉધરસ એવી રીતે ખાય છે કે તેના છાંટા આસપાસ ઊભેલાં કે બેઠેલા માણસોને ઊડે છે. આ ટેવ બહુ ભયંકર છે. આથી ઉધરસ ખાનારના શરીરમાં રહેલા જીવાણું બીજાના શરીરમાં પ્રવેશે છે; અને એ જીવાણું, જો ક્ષય જેવા રોગોના હોય તો જેના શરીરમાં એ દાખલ થાય એ બિચારા પણ ક્ષયનો ભોગ બને. ક્ષયરોગીઓમાંનાં કેટલાંયે બીજાની આવી જાતની ઉધરસ ખાવાની કુટેવને પરિણામે રોગનાં ભોગ બન્યાં હશે ! આપણા દેશમાં દર વર્ષે હજારો માણસો ક્ષયના રાક્ષસી પંજામાં ફસાય છે અને પિલાઈ પિલાઈને આખરે મરણને શરણ થાય છે. એક સામાન્ય નજીવી ટેવ પણ કેવાં ભયંકર પરિણામ લાવે છે !

ઉપર આપણે ફળ ખાઈ રસ્તામાં તેની છાલ ગમે તેમ નાખવાની ટેવની વાત કરી ગયાં. એવી એક બીજી ટેવ ગમે ત્યાં કચરો નાખવાની હોય છે. કેટલાક ઘરનો કચરો બારીમાંથી નીચે નાખે છે, તો કોઈ વળી એંઠવાડનું ગંદું પાણી પણ એમ જ નીચે રેડે છે ! હવે નીચે રસ્તા પરથી કોઈ પસાર થતો હોય અને તેના માથા પર એ કચરો કે એંઠવાડનું પાણી પડે તો એ બિચારાની શી સ્થિતિ થાય ? પેલો નીચે બૂમાબૂમ કરે તો ફેંકનાર ઘરની અંદર લપાઈ જાય. શહેરમાં ચારપાંચ માળનું મકાન હોય તો કચરો ક્યાંથી પડ્યો તેની ખબર ભલે ન પડે અને કચરો નાખનારને ભલે કોઈ કાંઈ કહી ન શકે, પણ આવી રીતે રસ્તા પર કચરો નાખવો એ જંગલીપણું છે એમાં તો શક નથી.

આ તો મકાનમાંથી નીચે કચરો ફેંકવાની વાત થઈ કેટલાક રસ્તા પર ચાલતાં ચાલતાં ફાડેલો કાગળ કે એવી કોઈ જાતનો કચરો નાખે છે. સિગારેટ ખરીદી હોય તો તેનું ખોખું અને બળેલી દીવાસળી નીચે રસ્તા પર નાખે છે, દવા ખરીદી હોય તો તેના કાગળ ઉપાડી રસ્તા પર ફેંકે છે. હવે તો શહેરમાં સુધરાઈના આરોગ્યખાતા તરફથી જાહેર રસ્તા પર કચરાપેટીઓ મૂકવામાં આવી છે. આપણે તેનો ઉપયોગ કરવો જોઈએ. રસ્તા પર ગમેતેમ કાગળિયાં, કચરા વગેરે નાખવાની ટેવ ભલે ભયંકર નહિ હોય પણ તે ખરાબ તો છે જ. એક વિદ્યાર્થીએ એક મોટા અમલદારની આવી ટેવ કેવી રીતે ભૂલાવી તેની એક વાત છે.

એક મોટો સરકારી અમલદાર હતો. તે ઘણો જ વ્યવસાયી હતો. ઘરમાંથી બહાર નીકળતાં જ ટપાલીએ તેને એક પરબીડિયું આપ્યું. પત્રમાં શું હશે એ જાણવાની જિજ્ઞાસા થવાથી પેલા અધિકારીએ પરબીડિયું ફોડ્યું. અંદરથી કાગળ કાઢી પરબીડિયું ત્યાં જ નાખી, તે ઊભો ઊભો કાગળ વાંચવા માંડ્યો. હવે એવું બન્યું કે ત્યાં થઈને એક વિદ્યાર્થી પોતાની શાળાએ જતો હતો. પેલા વિદ્યાર્થીએ ફૂટપાથ પરથી પરબીડિયું ઉપાડી લીધું અને તે પેલા અમલદાર પાસે ઊભો રહ્યો. અમલદાર પત્ર વાંચીને તેને પોતાના ગજવામાં મૂકવા જાય છે કે પેલા વિદ્યાર્થીએ તેમને કહ્યું :

'સાહેબ, આ પરબીડિયાનું આપને કામ ન હોય તો આ પાસેની કચરાની પેટીમાં નાખી દઉં ?'

અમલદાર શરમાઈ ગયો. ગમે ત્યાં કાગળો ફેંકવાની તેની ટેવ તે જ દિવસથી હંમેશને માટે ગઈ.

આપણે પેલા વિદ્યાર્થીની માફક વિનયથી આપણા ભાઈઓની ટેવ સુધારવા કોશિશ કરવી જોઈએ. અને પેલા અમલદારની માફક આપણી ભૂલ સમજી તે સુધારવી જોઈએ. આ ટેવ સામાન્ય છે, પણ એ આપણાં શિક્ષણ અને સંસ્કારને લાંછન લગાડે એવી છે. શિક્ષિત માણસ સંસ્કારી હોવો જોઈએ અને સંસ્કારી માણસે સારા નાગરિક પણ થવું જોઈએ. સારો નાગરિક સમાજને નુકસાન થાય એવી કોઈ પણ કુટેવ કદી પોતાનામાં ન પોષે.

આમ, આપણે આપણી સામાન્ય સામાજિક કુટેવો સુધારીને સારા નાગરિક બનવું જોઈએ અને બીજાને સારા નાગરિક બનાવવામાં મદદ કરવી જોઈએ.

## ટિપ્પણ

**જડ ઘાલી** - સ્થિર, સ્થાયી, જામી ગઈ **લજવે** - શરમાવે **શરમિંદો** - શરમથી ઝંખવાણું પડેલું **જીવાણું** - અણું જેટલો જીવ, સૂક્ષ્મ જીવ **જાન જાય** - મૃત્યુ થાય **પારાવાર** - અપાર, પુષ્કળ **જંગલી પણું** - જંગલી પ્રાણી જેવું વર્તન **પરબીડિયું** - કાગળ બીડવાનું કવર **લાંછન** - ડાઘ, કલંક

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. શિક્ષણ પાસેથી શેની અપેક્ષા રખાય છે ?
2. શિક્ષણથી આપણે કોની પકડમાંથી છૂટ્યા છીએ ?
3. કુટેવોની પકડમાંથી છૂટવા માટે શું જોઈએ ?
4. નાક સાફ કર્યા પછી લોકોને શું કરવાની કુટેવ હોય છે ?
5. ફળોની છાલ ફેંકતી વખતે આપણે કઈ બાબતનો ખ્યાલ રાખતા નથી ?
6. લેખક કઈ બાબતને સામાજિક સેવા ગણાવે છે ?
7. ઉધરસ ખાતી વખતે કઈ કુટેવ જોવા મળે છે ?
8. લેખક કઈ કુટેવનો જંગલીપણામાં સમાવેશ કરે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. પિચકારીના રેલાથી રોગચાળો કેવી રીતે ફાટી નીકળે છે ?
2. ફળોની છાલ ફેંકનારા વિશે લેખક શું કહે છે ?
3. આપણા દેશમાં લોકો ક્ષય રોગના પંજામાં કેવી રીતે ફસાય છે ?
4. આપણે કેવી રીતે કચરામાં સતત વધારો કરીએ છીએ ?

**પ્રશ્ન 3. આપણી કુટેવોનું વર્ણન કરો.**

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

શરીર, શિક્ષા, દવા, મદદ, કોશિશ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

સંસ્કાર, ગંદુ, શત્રુ, જાહેર, દેશ

**પ્રશ્ન 6. સાચી જોડણી લખો.**

પીચકારિ, કુરીવાજ, અધિકારી, પરબિડિયું

**આટલું કરો**

1. વિદ્યાર્થીઓમાં જોવા મળતી કુટેવો વિશે વર્ગખંડમાં ચર્ચા કરો.
2. વ્યક્તિત્વનો વિકાસ કરનારી સુટેવો વિશેના સુવિચારો બ્લેકબોર્ડ પર લખો.
3. લોકોની કુટેવો સુધારવામાં મદદરૂપ બનનારા વ્યક્તિઓ, કાર્યક્રમો વિશે મિત્રોને જણાવો.

•

## વ્યાકરણ

### રૂઢિપ્રયોગ :

નીચેની કાવ્યપંક્તિઓ વાંચો

- રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
- ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે.

નીચેના વાક્યો વાંચો

- કેટલીક કુટેવો આપણામાં એવી જડ ઘાલી બેઠી છે.
- તે આપણાં શિક્ષણ અને સંસ્કારને લાંછન લગાડે એવી છે.

હવે અહીં લીટી દોરેલા શબ્દો કે શબ્દજૂથની જગ્યાએ

- ભગવાનની ભક્તિ કરવાની લગન લાગે, સકળ તીરથ તેના તનમાં રે.
- ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, ઈકોતેર કુળને તારવા રે.
- કેટલીક ટેવો આપણામાં એવી જડમૂળથી ઘૂસી ગઈ છે.
- તે આપણા શિક્ષણ અને સંસ્કારને બગાડે છે.

આમ કહીએ તો કાવ્યપંક્તિ કે વાક્ય એટલું અસરકારક બનતું નથી. તેનાથી અભિવ્યક્તિમાં (કહેવામાં) સચોટતા આવતી નથી. જ્યારે પહેલી કાવ્યપંક્તિઓ અને વાક્યોમાં અભિવ્યક્તિ બહુ સારી લાગે છે કારણ કે રૂઢિપ્રયોગના ઉપયોગથી અભિવ્યક્તિમાં ક્યારેક ચિત્રાત્મકતા અને સચોટતા આવે છે. એટલે આ પ્રકારની અભિવ્યક્તિ વધુ રમણીય લાગે છે. આ પરથી આપણે સમજી શકીએ કે રૂઢિપ્રયોગ દ્વારા આપણે લાઘવથી (ટૂંકમાં) સચોટ, ચિત્રાત્મક, રમણીય અભિવ્યક્તિ કરી શકીએ છીએ.

હવે આ રૂઢિપ્રયોગ એટલે શું ? તો રૂઢિપ્રયોગ લોકોક્તિરૂપે વપરાય છે. રૂઢિપ્રયોગમાં બે શબ્દો છે (૧) રૂઢિ અને (૨) પ્રયોગ, રૂઢિ શબ્દના મૂળમાં છે - રૂઢ. રૂઢ થવું એટલે ઘણા સમયથી વપરાશમાં હોય અને પછી તે જે પ્રમાણેના વપરાશની પદ્ધતિ પડતી જાય અને આ રૂઢ થયેલી પદ્ધતિ રૂઢિ તરીકે ઓળખાય. આ રૂઢિ પ્રમાણે વપરાતો શબ્દ સૌ પ્રથમ તો કોઈ એક પરિસ્થિતિ માટે વિશિષ્ટ અર્થ બોધ કરાવવા વપરાયો હોય. પછી તેવી પરિસ્થિતિનો અર્થબોધ કરાવવા માટે આ શબ્દ પ્રચલિત બન્યો હોય અને તે પ્રચલિત શબ્દ પછી રૂઢિ બની જાય અને પ્રયોગ એટલે ઉપયોગ. રૂઢ બની ગયેલા શબ્દનો પ્રયોગ કરવો એને રૂઢિપ્રયોગ તરીકે ઓળખવામાં આવે છે.

આમ, ભાષામાં રૂઢ કે રૂઢિથી જેનો વિશેષ અર્થ થતો હોય એવા શબ્દપ્રયોગ એટલે રૂઢિપ્રયોગ. દા.ત. હોશિયાર વિદ્યાર્થીએ વધુ એક ઈનામ મેળવી તેની પાઘડીમાં નવું પીછું ઉમેર્યું. અહીં પાઘડીમાં નવું પીછું ઉમેરવું એ રૂઢિપ્રયોગ છે. તેનો અર્થ પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરવી એવો થાય.

#### સ્વાધ્યાય

ચોપડીમાં ટિપ્પણમાં આપેલા આવા રૂઢિપ્રયોગોની યાદી બનાવો.